Document No.

SHREE GANESHAY NAMAH

Document Date
8/04/2022

NATURE OF DOCUMENT

Shiram Eternity
Title Search Report

SELLER'S NAME & ADDRESS

URBAN HOUSE REALTY LLP
Vapi

~~PURCHASER'S NAME & ADDRESS~~

LEGAL ADVISOR

ADVOCATE


# SHAILESH N. MEHTA

B.Sc. L.L.B.

(ADVOCATE & NOTARY)

Off.: 12, Kemp's Corner, Adjacent to Hotel Fortune Park Galaxy,
Opp. Nagarsheth Chamber, Koparli Road, Gunjan, GIDC, Vapi 396 195.
Cell.: 98251 42758
shaileshadv111@yahoo.com


Scanned with CamScanner

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સ.નં. 1274, 3533, આર.સી.સી. ટાઇપ મકાન

Search in : CHALA /CHALA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૪૦૦૦૦૭૩૮૦ | અરજી નંબર | ૧૫૬૪ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૬ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ S N Mehta

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | ૧૦૦.૦૦ |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........Year: 2014 2022 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | ૨૦૦.૦૦ |

અંકે રૂપીયા બે સો શુન્ય પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં --------------- આવશે. કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર વાપીનો (સિક્કો) સત્યમેવ જયતે VAPI

BHARGAVKUMAR HARILAL PATEL
સબ રજીસ્ટ્રાર
વાપી

અંકે રૂ. : 200.00

20220406128187696

સબ રજીસ્ટ્રાર, વાપી

NIC(G) 1598981865419577879 (W) ૦૬/૦૪/૨૦૨૨ 15:50:33

Scanned with CamScanner

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in S N Mehta | અરજી નંબર : 1564 | ગામ નું નામ : CHALA

મિલ્કતનું વર્ણન સ.નં. 1274, 3533, આર.સી.સી. ટાઇપ મકાન

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Valsad VAPI મા -9 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE --------------------------- | | | | | | | | |
| શ્રી. | | | | | | | | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Valsad VAPI

THE SEAL OF THE SUB REGISTRAR VAPI



Scanned with CamScanner

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બિનખેતીના સ.નં.1274 ,3533 વાળી જમીનમાં બાંધવામાં આવેલ આર સી સી ટાઇપના મકાન વાળી મિલકત

Search in : ચલા /Chala

પહોંચ નંબર ૨૦૨૨૧૦૬૦૦૫૧૩૯ અરજી નંબર ૩૯૩૮ અરજી વર્ષ ૨૦૨૨

તારીખ ૭ માહે એપ્રિલ સને ૨૦૨૨

રજુ કરનારનું નામ S N MEHTA -ADV

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | ૧૦૦.૦૦ |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1993 2014 | ૨૩૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

THE SEAL OF THE SUB-REGISTRAR PARDI (પારડીના સબ રજીસ્ટ્રારની સિક્કો)

| કુલ એકંદરે રૂ. | ૩૩૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા ત્રણ સો ત્રીસ પુરા

દસ્તાવેજ __________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ______________ આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Sunilbhai A Gavit
સબ રજીસ્ટ્રાર
પારડી

અંકે રૂ. : 330.00

20220406771924832

સબ રજીસ્ટ્રાર, પારડી



Scanned with CamScanner

# મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in S N MEHTA -ADV    અરજી નંબર : 3938    ગામ નું નામ : Chala

મિલ્કતનું વર્ણન બિનખેતીના સ.નં.1274 ,3533 વાળી જમીનમાં બાંધવામાં આવેલ આર સી સી ટાઇપના મકાન વાળી મિલકત

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Valsad Paradi મા -22 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા 9/5/17 સચુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE --------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

THE SEAL OF THE SUB-REGISTRAR ★ PARDI ★ પારડીના સબ રજીસ્ટ્રારની સિક્કો

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Valsad Paradi



Scanned with CamScanner

Shailesh N. Mehta
B.Sc. L.L.B.
(Advocate & Notary)
Reg. No. G/1015/1989

12, Kemp's Corner,
Adjacent to Hotel Fortune Park Galaxy,
Opp. Nagarsheth Chamber, Koparli Road, GIDC, Vapi 396 195.

Cell.: 98251 42758
shaileshadv111@yahoo.com

તા. ૦૮/૦૪/૨૦૨૨

પ્રતિ,
અર્બન હાઉસ રીયલ્ટર્સ, એલએલપી,
ઠેકાણું: પ્લોટ નં. એ–૧/૦૨,
પહેલા માળે, શિવમ વેલી,
એવરગ્રીન પાર્ટી પ્લોટ પાસે,
ભીલાડ, તા. ઉમરગામ જી.વલસાડ

## –:: ટાઈટલ સર્ચ રીપોર્ટ ::–

વિષય :– મોજે ચલા, તા. વાપી, જી. વલસાડ મધ્યે આવેલ બીનખેતીના જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩ છે. તેનો સીટી સર્વે નંબર : NA3533 છે. તેની ૩,૬૦૦.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન તથા જુના સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૧૨૭૪ છે. જેનો સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2 છે. તેની ૩,૭૬૯.૦૦ ચો.મી. મળી કુલ્લે ૭,૩૬૯.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનમાં બાંધવામાં આવી રહેલ આર.સી.સી. ટાઈપના મકાનો જે, "શિવમ ઈટરનીટી" ના નામે ઓળખાય છે તે મીલ્કત અંગેના ટાઈટલ બાબત....

માનનીય સાહેબશ્રી

જત હમો શૈલેષ એન. મહેતા એડવોકેટ તથા નોટરી, રહે વાપી, તા. વાપી, જી. વલસાડના ઉપરોક્ત મીલ્કતનું ટાઈટલ સર્ચ રીપોર્ટ નીચે મુજબ આપીએ છીએ.

પાના નં....૨.

Scanned with CamScanner

**જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩, સીટી સર્વે નંબર : NA3533 વાળી જમીન અંગેનું ટાઈટલ :–**

૧. હાલે વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે ચલા તા. વાપી, જી. વલસાડ મધ્યે બીનખેતીના જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩ છે. જેનો સીટી સર્વે નંબર : NA3533 છે. તેની ૩,૬૦૦.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન તે જમીન સરકારી રેકર્ડ દફતરે કાયદેસરના સંયુકત માલીકો અને કબજેદારો તરીકે (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪)જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા, (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓના નામો ઉપર ચાલી આવેલ છે.

૨. ઉપરોકત જમીન આ અગાઉ ખેતીની જમીન તરીકે ચાલી આવેલ હતી. તે જમીન રેકર્ડ દફતરે રહેમુનિશા ઈબ્રાહીમભાઈ વિગેરે નાઓના નામો ઉપર ચાલી આવેલ હતી તે જમીનમાં વલ્લભભાઈ ભાણાભાઈ ગણોતીયા તરીકેના હકકો મેળવેલા હતા જે અંગેની ફેરફાર નોંધ નંબર ૨૭૪૪ તા. ૧૧/૦૬/૧૯૭૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી.

૩. ત્યારબાદ વલ્લભભાઈ ભાણાભાઈ સને ૧૯૭૮ ના અરસામાં ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૩૨૩૦ તા. ૨૫/૦૪/૧૯૮૦ ના રોજ કરવામાં આવેલ હતી. જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ છીબુભાઈ વલ્લભભાઈ, વિષ્ણુંભાઈ વલ્લભભાઈ તથા અંબુબેન વલ્લભભાઈના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

પાના નં....૩.

Scanned with CamScanner

૪. ત્યારબાદ ઉપરોક્ત જમીનને મે. નાયબ કલેકટર સાહેબ વલસાડના હુકમ નંબરઃ ટેનન્સી/નશજ/વશી.૨૬૩૨/૦૨ થી તા.૦૭/૧૦/૨૦૦૨ના હુકમથી ગણોત ધારાની કલમ ૪૩ ના નિયંત્રીત સત્તા પ્રકારના નિયંત્રણ માંથી કમી કરી માત્ર બીનખેતીના હેતુમાટે પ્રિમીયમને પાત્ર ખેતીના હેતુમાટે જુની શરતમાં ફેરવવામાં આવી. જે અંગે ફેરફાર નોધ નંબરઃ ૮૦૫૨ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૧૬/૦૧/૨૦૧૨ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૫. ત્યારબાદ છીબુભાઈ વલ્લભભાઈ તા. ૦૯/૦૨/૨૦૧૦ ના રોજ ગુજરી જતા તથા લીલાબેન છીબુભાઈ આશરે ૧૯૯૫ ના અરસામાં ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૧૦૩૧૫ તા.૨૬/૦૩/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ હતી જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ વિષ્ણુંભાઈ વલ્લભભાઈ, અંબુબેન વલ્લભભાઈ, મંજુબેન છીબુભાઈ તથા હસમુખભાઈ છીબુભાઈના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

૬. ત્યારબાદ અંબુબેન વલ્લભભાઈ તા. ૧૯/૧૦/૨૦૧૦ ના રોજ ગુજરી જતા તથા અમ્રતભાઈ વલ્લભભાઈ તા. ૨૮/૦૩/૨૦૦૯ ના રોજ ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૧૦૬૪૦ તા.૦૪/૦૩/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ હતી. જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ જશીબેન અમ્રતભાઈ, વનિતાબેન અમ્રતભાઈ, ધર્મેશભાઈ અમ્રતભાઈ, મિથુન અમ્રતભાઈ, માયાબેન અમ્રતભાઈ, મેઘનાબેન અમ્રતભાઈના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

૭. ત્યારબાદ મંજુબેન છીબુભાઈ તા. ૦૨/૧૦/૨૦૧૩ ના રોજ ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૧૧૮૩૦ તા.

પાના નં....૪.

Scanned with CamScanner

૧૦/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હતી. જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ સંજયભાઈ અમૃતભાઈ કામળી, જયોત્સનાબેન અમૃતભાઈ કામળી, દિપીકાબેન અમૃતભાઈ કામળી, ભાવેશભાઈ અમૃતભાઈ કામળીના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

૮. ત્યારબાદ સંજયભાઈ અમૃતભાઈ, જયોત્સનાબેન અમૃતભાઈ, દિપીકાબેન અમૃતભાઈ, ભાવેશભાઈ અમૃતભાઈનાઓએ સર્વે નંબર ૯૩/૨/૩/૧ ની હે.૦૧–૦૦ આરે–૧૬ ચો.મી. વાળી જમીન પૈકીમાં તેમના વગર વહેચાયેલા ૧/૬ હીસ્સાની યાને કે હે. ૦૦–૧૬ આરે–૬૯ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન(૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪)જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓને તા. ૧૫/૦૭/૨૦૧૬ ના રોજના વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૧૫/૦૭/૨૦૧૬ ના રોજ અનુક્રમ નંબરઃ ૬૧૩૪ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નંબરઃ ૧૨૩૫૯ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૩૦/૦૭/૨૦૧૬ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૯. ત્યારબાદ હસમુખભાઈ છીબુભાઈ પટેલના કુલમુખત્યાર રમીલાબેન હસુમખભાઈ પટેલે સર્વે નંબર ૯૩/૨/૩/૧ ની હે. ૦૧–૦૦ આરે–૧૬ ચો.મી. વાળી જમીન પૈકીમાં તેમના વગર વહેચાયેલા ૧/૬ હીસ્સાની યાને કે હે. ૦૦–૧૬ આરે–૯૯ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ,

પાના નં....૫.

Scanned with CamScanner

(૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪) જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓને તા. ૦૨/૦૯/૨૦૧૬ ના રોજના વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૦૨/૦૯/૨૦૧૬ ના રોજ અનુક્રમ નંબરઃ ૬૩૮૦ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૦૩૮૪ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૦૭/૦૧/૨૦૧૧ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૧૦. ત્યારબાદ મિથુનભાઈ અમ્રતભાઈ પટેલ પોતે તથા જશીબેન અમ્રતભાઈ, ધર્મેશભાઈ અમ્રતભાઈ, માયાબેન અમ્રતભાઈ, મેઘનાબેન અમ્રતભાઈ, જશીબેન ચીમનભાઈના કુલમુખત્યારે સર્વે નંબર ૯૩/૨/૩/૧ ની હે. ૦૧–૦૦ આરે–૧૬ ચો.મી. વાળી જમીન પૈકીમાં તેમના વગર વહેચાયેલા ૧/૩ હીસ્સાની યાને કે હે. ૦૦–૩૩ આરે–૩૯ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ,(૪)જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓને તા. ૦૨/૦૯/૨૦૧૬ના રોજના વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૦૨/૦૯/૨૦૧૬ ના રોજ અનુક્રમ નંબરઃ ૬૬૩૩ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૨૩૮૫ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૧૬/૦૯/૨૦૧૬ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

પાના નં....૬.

Scanned with CamScanner

૧૧. ત્યારબાદ સર્વે નંબર ૯૩/૨/૩/૧ ની હે. ૦૧–૦૦ આરે–૧૬ ચો.મી. વાળી જમીનનું વહેચણ કરવામાં આવેલ હતું જે રૂએ વિષ્ણુંભાઈ વલ્લભભાઈના હીસ્સે દક્ષિણ દિશા તરફથી ગણતા હે.૦૦–૩૩ આરે–૩૯ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીન આવેલ હતી. તેમજ સર્વે નંબર ૯૩/૨/૩/૧ ની હે. ૦૧–૦૦ આરે–૧૬ ચો.મી. વાળી જમીનનું વહેંચણ કરવામાં આવેલ હતું જે રૂએ (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩) હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪) જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭) શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાના હીસ્સે ઉત્તર દિશા તરફથી ગણતા હે.૦૦–૬૬ આરે–૭૭ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીન આવેલ હતી. જે વહેંચણીનો દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૦૭/૧૦/૨૦૧૭ના રોજ અનુક્રમ નંબરઃ ૯૧૮૫ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વહેંચણીના દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૨૬૯૧ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૨૦/૧૨/૨૦૧૭ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૧૨. ત્યારબાદ વિષ્ણુંભાઈ વલ્લભભાઈ પટેલે સર્વે નંબર ૯૩/૨/૩/૧ પૈકી ૨ ની હે. ૦૦–૬૬ આરે–૭૭ ચો.મી. વાળી જમીન પૈકીની હે. ૦૦–૦૪ આરે–૦૫ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીન (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૨) મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪) જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭) શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓને તા. ૧૩/૦૩/૨૦૧૮ ના રોજના વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં

પાના નં....૭.

Scanned with CamScanner

તા. ૧૩/૦૩/૨૦૧૮ ના રોજ અનુક્રમ નંબરઃ ૨૨૬૫ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૨૭૫૨ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૨૪/૦૩/૨૦૧૮ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૧૩. ત્યારબાદ ઉપરોકત જમીન રી સર્વે સંબધીત પ્રમોલગેશન કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૨૮૨૦ અન્વયે થયેલ છે. જે નોંધ તા. ૨૭/૦૬/૨૦૧૮ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે. અને તેનો નવો સર્વે નંબરઃ ૩૫૩૩ આપવામાં આવેલ છે. અને જુનો સર્વે નંબરઃ ૯૩/૨/૩/૧/પૈકી ૨ છે.

૧૪. ત્યારબાદ ઉપરોકત જમીનને બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર ના નિયંત્રણ માંથી મુકત કરી જુની શરતમાં શરત ફેર કરવા માટે અને માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર કરવા માટે જરૂરી કાર્યવાહી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ વિગરેનાઓએ તા. ૨૨/૦૪/૨૦૧૯ ના રોજ મે. વલસાડના જીલ્લા કલેકટર સાહેબને કરેલ હતી જે અરજી તેઓ સાહેબ ગ્રાહ રાખી તેમના તા. ૦૬/૦૬/૨૦૧૯ ના રોજના હુકમ નંબરઃ ૧૮૪/૨૫/૦૬/૦૫૯/૨૦૧૯ અન્વયે ઉપરોકત જમીનને હેતુ ફેર કરેલ છે. જે અંગે ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૩૦૨૬ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૨૧/૦૮/૨૦૧૯ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૧૫. ત્યારબાદ ઉપરોકત જમીનને ખેતીના કૃત્ય માંથી બીનખેતીના કૃત્યમાં ફેરવવા માટે અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ વિગરેનાઓએ મે. વલસાડના જીલ્લા કલેકટર સાહેબને અરજી કરેલ હતી. જે અરજી તેઓ સાહેબે મંજુર રાખી તેમના તારીખઃ ૧૯/૦૭/૨૦૧૯ ના રોજના હુકમ નંબરઃ ૩૨૨/૨૫/૦૬/૫૯/૨૦૧૯/૪૫૬૯–૭૬ અન્વયે ઉપયુકત જમીનને ખેતીના

પાના નં....૮.

Scanned with CamScanner

કૃત્યમાંથી બીનખેતીના કૃત્યમાં ફેરવવા અંગેનો કાયદેસરનો હુકમ કરેલ છે. તે હકીકતમાં કુલ્લે ૩૬૦૦.૦૦ ચો.મી.ના ક્ષેત્રફળવાળી જમીન બહુહેતુ માટેનોંધ ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૩૦૮૨ અન્વયે થયેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૧૬. ત્યારબાદ ઉપરોક્ત જમીનનો સમાવેશ સીટી સર્વે લીમીટમાં થતા ઉપરોક્ત જમીનનો સીટી સર્વે નંબરઃ NA3533 આપવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૩૬૦૦.૦૦ ચો.મી. આપવામાં આવેલ છે. અને તે હકીકતમાં ઉપરોક્ત જમીનનો સમાવેશ સીટી સર્વે કચેરી વાપીમાં થયેલ છે.

૧૭. ઉપર જણાવેલ હકીકતમાં મોજે ચલા ગામે વાપી નગરપાલીકાની હદમાં આવેલ બીનખેતીના જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩ છે. જેનો સીટી સર્વે નંબર : NA3533 છે. તેની ૩,૬૦૦.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન રેકર્ડ દફતરે કાયદેસરના સંયુકત માલીકો અને કબજેદારો તરીકે (૧) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ,(૨)મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૩)હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૪)જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૫)દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા, (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓના નામો ઉપર ચાલી આવેલ છે.

**જુના સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૧૨૭૪ છે, સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2 વાળી જમીન અંગેના ટાઈટલ બાબત :-**

૧. હાલે વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે ચલા, તા. વાપી, જી. વલસાડ મધ્યે બીનખેતીના જુનો સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧ જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૧૨૭૪ (સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2) ની ૩,૭૬૯.૦૦ ચો.મી.

પાના નં....૯.

Scanned with CamScanner

ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન તે જમીન સરકારી રેકર્ડ દફતરે કાયદેસરના સ્વંતત્ર માલીકે અને કબજેદારે તરીકે મેસર્સ સબુરી એસોસીયેટસ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો : (૧) મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા, (૨) હીતેશકુમાર જમનાદાસ ફલદુ, (૩) જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા, (૪) દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા, (૫) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ, (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા, (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓના નામો ઉપર ચાલી આવેલ છે.

૨. ઉપરોકત જમીન આ અગાઉ ખેતીની જમીન તરીકે ચાલી આવેલ હતી. તે જમીન રેકર્ડ દફતરે ઈબ્રાહીમભાઈ સદરૂદ્દિનભાઈ વિગેરે નાઓ ના નામો ઉપર ચાલી આવેલ હતી તે જમીનમાં ભગવાનભાઈ ઢેડીયાભાઈ ગણોતીયા તરીકેના હકકો મેળવેલા હતા જે અંગેની ફેરફાર નોંધ નંબર ૨૪૫૨ તા. ૨૨/૦૫/૧૯૭૬ ના રોજ કરવામાં આવેલ હતી જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી.

૩. ત્યારબાદ ભગવાનભાઈ ઢેડીયાભાઈ તા. ૧૭/૧૨/૧૯૭૯ ના રોજ ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૩૧૮૦ તા.૦૪/૦૩/૧૯૮૦ ના રોજ કરવામાં આવેલ હતી જે નોંધ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ ગોમતીબેન તે ભગવાનભાઈ ઢેડીયાભાઈની વિધવા તથા હરીશચંદ્ર ભગવાનભાઈ તથા કનૈયાલાલ ભગવાનભાઈના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

૪. ત્યારબાદ ગોમતીબેન ભગવાનભાઈ તા.૨૦/૦૩/૧૯૯૦ ના રોજ ગુજરી જતા સરકારી રેકર્ડ દફતરે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નંબર ૯૭૭૬ તા.૦૨/૦૮/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી જે નોંધ સક્ષમ અધિકારીએ તા.૧૪/૧૦/૨૦૦૮ ના રોજ મંજુર કરેલ હતી. મજકુર વારસાઈ નોંધ રૂએ હરીશચંદ્ર ભગવાનભાઈ, કનૈયાલાલ ભગવાનભાઈ, શાંતિબેન ભગવાનભાઈ તથા

પાના નં....૧૦.

Scanned with CamScanner

સુમનબેન ભગવાનભાઈના નામો સરકારી રેકર્ડ દફતરે માલીકો તરીકે દાખલ કરવામાં આવેલ હતા.

૫. ત્યારબાદ હરીશચંદ્ર ભગવાનભાઈ પટેલ પોતે તથા શાંતિબેન ભગવાનભાઈ પટેલ, સુમનબેન ભગવાનભાઈ પટેલના કુલમુખત્યાર તરીકે તથા કનૈયાલાલ ભગવાનભાઈ પટેલનાઓએ સર્વે નંબર ૯૨/૧/૨ ની હે.૦૦–૪૭ આરે–૫૫ પ્રતિઆરે પૈકી હે.૦૦–૧૪ આરે.–૬૬ પ્રતિઆરે વાળી જમીન તથા સર્વે નંબર ૯૩/૨/૩/૨ ની હે.૦૦–૪૯ આરે–૫૮ પ્રતિઆરે પૈકી હે.૦૦–૩૭ આરે–૬૯ પ્રતિઆરે વાળી જમીન મળી કુલ્લે હે.૦૦–૫૨ આરે–૩૬ પ્રતિઆરે વાળી જમીન હમો વેચાણ આપનારાઓને તા. ૩૦/૦૧/૨૦૧૦ ના રોજના વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૦૧/૦૨/૨૦૧૦ ના રોજ અનુક્રમ નંબરઃ ૧૦૧૪ અન્વયે નોંધવામાં આવેલ છે. અને મજકુર વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર વર્ણવેલ જમીન ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૦૨૭૯ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૦૧/૦૪/૨૦૧૦ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૬. ત્યારબાદ ઉપરોકત જમીનને બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર ના નિયંત્રણ માંથી મુકત કરી જુની શરતમાં શરત ફેર કરવા માટે અને માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર કરવા માટે જરૂરી કાર્યવાહી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ વિગરેનાઓએ મે. વલસાડના જીલ્લા કલેકટર સાહેબને કરેલ હતી જે અરજી તેઓ સાહેબ ગ્રાહ રાખી તેમના તા. ૨૩/૦૮/૨૦૧૩ ના રોજના હુકમ નંબરઃ જશુશા/ગણત/પ્રિમીયમ/ચલા/૨૪૧૨–૧૭ અન્વયે ઉપરોકત જમીનને હેતુ ફેર કરેલ છે. જે અંગે ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૧૪૯૧ અન્વયે પાડવામા આવેલ છે. જે નોંધ તા. ૦૪/૧૦/૨૦૧૩ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

પાના નં....૧૧.

Scanned with CamScanner

૭. ત્યારબાદ ઉપરોક્ત જમીનને ખેતીના કૃત્ય માંથી બીનખેતીના કૃત્યમાં ફેરવવા માટે અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ વિગરેનાઓએ મે. વલસાડના જીલ્લા કલેક્ટર સાહેબને અરજી કરેલ હતી. જે અરજી તેઓ સાહેબે મંજુર રાખી તેમના તારીખઃ ૦૩/૦૩/૨૦૧૪ ના રોજના હુકમ નંબરઃ સીબી/એન.એ.રજી.પ૬/૨૦૧૩-૧૪/ વશી-૧૦૧૯-૨૭/૧૪ અન્વયે ઉપયુક્ત જમીનને ખેતીના કૃત્યમાંથી બીનખેતીના કૃત્યમાં ફેરવવા અંગેનો કાયદેસરનો હુકમ કરેલ છે. તે હકીકતમાં કુલ્લે ૪૧૮૯.૦૦ ચો.મી.ના ક્ષેત્રફળવાળી જમીન રહેણાંક માટે તથા ૧૦૪૭.૦૦ ચો.મી. જમીન વાણીજયના હેતુમાટે મળી કુલ્લે ૫૨૩૬.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીન બીનખેતીના હેતુ માટે ફેરવાયેલ છે. મજકુર હુકકમ અંગેની નોંધ ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૧૬૬૬ અન્વયે થયેલ છે. જે નોંધ તા. ૦૯/૦૪/૨૦૧૪ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૮. ત્યારબાદ ઉપરોક્ત જમીન રી સર્વે સંબધીત પ્રમોલગેશન કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ ચલા ગામના ગામ નમુના નંબરઃ ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોધ નંબરઃ ૧૨૮૨૦ અન્વયે થયેલ છે. જે નોંધ તા. ૧૪/૦૯/૨૦૧૮ ના રોજ સક્ષમ અધિકારીએ પ્રમાણીત કરેલ છે.

૯. ત્યારબાદ ઉપરોક્ત જમીનનો સમાવેશ સીટી સર્વે લીમીટમાં થતા ઉપરોક્ત જમીનનો સીટી સર્વે નંબરઃ NA92/1/2/PAIKEE-1,93/2/3/2/ PAIKEE-1/1 જેનું ક્ષેત્રફળ ૧૪૬૭.૦૦ ચો.મી. તથા સીટી સર્વે નંબર NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2 આપવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૩૭૭૯.૦૦ ચો.મી. આપવામાં આવેલ છે. અને તે હકીકતમાં કુલ્લે ૫૨૪૬.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીનનો સમાવેશ સીટી સર્વે કચેરી વાપી માં થયેલ છે.

૧૦. ઉપર જણાવેલ હકીકતમાં મોજે ચલા ગામે વાપી નગરપાલીકાની હદમાં આવેલ બીનખેતીના જુના સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧, જેનો પ્રમોલગેશન થયા બાદનો

પાના નં....૧૨.

Scanned with CamScanner

નવો સર્વે નંબર ૧૨૭૪ છે. જેનો સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2 છે. તે ૩,૭૬૯.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન હાલે સરકારી રેકર્ડ દફતરે કાયદેસરના માલીક અને કબજેદાર તરીકે મેસર્સ સબુરી એસોસીયેટસ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો : (૧) મનસુખભાઈ કરશનભાઈ રોજીવાડીયા (૨) હીતેશકુમાર જમનાદાસ ફલદુ (૩) જીતેન્દ્રભાઈ શામજીભાઈ કાલાવડીયા (૪) દિનેશભાઈ કરશનભાઈ રોજીવડીયા (૫) શ્રી અશોકકુમાર ઈશ્વરલાલ પટેલ (૬)શ્રી હરીભાઈ કરમશીભાઈ કાલાવડીયા (૭)શ્રી નવીન્દ્ર થોભણભાઈ ધરસંડિયાનાઓના નામો ઉપર ચાલી આવેલ છે.

ત્યારબાદ અર્બન હાઉસ રીયલ્ટર્સ એલ.એલ.પી., નામની ભાગીદારી પેઢીએ જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩ છે. તેનો સીટી સર્વે નંબર : NA3533 છે. તેની ૩,૬૦૦.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન તથા જુના સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૧૨૭૪ છે. જેનો સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2 છે. તેની ૩,૭૬૯.૦૦ ચો.મી. મળી કુલ્લે ૭,૩૬૯.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનમાં રહેઠાણ લાયક મકાનોનું બાંધકામ કરવા અંગેની બાંધકામની પરવાનગી તથા બાંધકામના નકશા પ્રમાણિત કરવા માટે વાપી એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીને અરજી કરેલ હતી. જે અરજી વાપી એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીએ મંજુર રાખેલ છે. અને તેમના તારીખ: ૧૬/૦૩/૨૦૨૨ ના રોજના ડેવલોપમેન્ટ પરમીશન નં. 1020BP21220064 અન્વયે ઉપરોક્ત જમીનમાં બાંધકામ કરવા અંગેની કાયદેસરની પરવાનગી તથા મકાનો બાંધવા અંગેના કાયેદસરના બાંધકામના નકશા મંજુર કરેલ છે.

પાના નં....૧૩.

Scanned with CamScanner

ત્યારબાદ અર્બન હાઉસ રીયલ્ટર્સ એલ.એલ.પી., નામની ભાગીદારી પેઢીએ ઉપર વર્ણવેલ જમીનમાં આર.સી.સી. ટાઈપના મકાનોનું બાંધકામ કરવા માટે હાથ ધરેલ છે. જે પ્રોજેકટ **"શિવમ ઈટરનીટી"** ના નામે ઓળખાય છે.

ઉપરોકત મીલકતનું ટાઈટલ ચોખ્ખુ હોવા અંગે મે. પારડી/વાપીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં સને–૧૯૯૩ થી સને–૨૦૨૨ સુધીની છેલ્લા ૩૦ વર્ષની સર્ચ કરતા, સદરહું મીલ્કતના માલીકે અન્ય કોઈપણ નાણાકીય સંસ્થામાં બોજામાં કે તારણમાં લખી આપી કબજે સોપેલી નથી. કે અન્ય કોઈપણ રીતે કોઈને વેચાણ આપવા સાટુ કરી કે અન્ય કોઈપણ જાતના તબદીલીના વ્યવહારથી હસ્તાંતર કરેલી નથી. કે તે અંગેની તેવી કોઈ નોંધ સર્ચ કરતા જણાઈ આવેલી નથી. જે તમામ સંજોગોમા મજકુર ઉપર વર્ણવેલ સદરહું જમીનનુ ટાઈટલ સંપુર્ણ પણે કલીયર અને માર્કેટેબલ હોવાનું મારૂ મંતવ્ય છે. જેથી સદર જમીનનુ ટાઈટલ સંપુર્ણ પણે કલીયર અને માર્કેટેબલ તથા વેચાણ/ તબદીલીને પાત્ર બને છે.

સદરહું જમીન અંગે કોઈપણ કોર્ટમાંથી સર્ચ કરવામાં આવેલ નથી. અને સદરહું જમીનનું ટાઈટલ ઉપર જણાવ્યા મુજબ ફેરફાર નોંધ નંબરઃ ૦૬ ના હકક પત્રક તેમજ ગામ નમુના નંબરઃ ૭/૧૨ તથા સીટી સર્વેના પ્રોપર્ટી કાર્ડનો અભ્યાસ કરીને આપવામા આવે છે

## –:: મીલ્કતનું વર્ણન ::–

વલસાડ ડીસ્ટ્રીકટની રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે ચલા મધ્યે વાપી નગરપાલીકાની હદમાં આવેલ બીનખેતીના જુના સર્વે નં. ૯૩/૨/૩/૧/પૈકી ૨, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૩૫૩૩ છે. જેનો સીટી સર્વે નંબર : NA3533 છે. તેની ૩,૬૦૦.૦૦ ચો.મી. તથા જુના સર્વે નં. ૯૩/૨/૩/૨/પૈકી ૧, જેનો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર ૧૨૭૪ છે. તેનો સીટી સર્વે નંબર : NA92/1/2/PAIKEE-1,93/2/3/2/PAIKEE-1/2

પાના નં....૧૪.

Scanned with CamScanner

છે. તેની ૩,૭૬૯.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન મળી કુલ્લે ૭,૩૬૯.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનમાં બાંધવામાં આવી રહેલ આર.સી.સી. ટાઈપના મકાનોવાળો પ્રોજેક્ટ જે, **"શિવમ ઈટરનીટી"** ના નામે ઓળખાય છે તે મીલ્કત તથા તેને લગતાં, લાગતાં, વળગતા તમામ પ્રકારના હકકો સહીત.

તારીખ : ૦૮/૦૪/૨૦૨૨
સ્થળ : વાપી

SHAILESH N. MEHTA ADVOCATE & NOTARY

શૈલેષ એન. મહેતા
(એડવોકેટ એન્ડ નોટરી)

Scanned with CamScanner